–: પ્રેસનોટ :–

અમદાવાદ શહેરમાં ઇન્કમટેક્ષ ચાર રસ્તાથી બુદ્ધાસિંગ ચાર રસ્તા તરફ જતા ઇન્કમટેક્ષ બ્રીજના છેડે ભારતી એરટેલ નામની ઓફીસ આવેલ છે. આ ઓફીસ ખાતે બહારથી મશીનરી (કન્ટેનર–ડેટા સેન્ટરની માહીતી સ્ટોરેજ) લાવવાનું હોવાથી ઇન્કમટેક્ષ ચાર રસ્તાથી બુદ્ધાસિંગ ચાર રસ્તા તરફ જતુ ટ્રાફિક ડાયવર્ઝન કરવાની જરૂરીયાત છે. આ મશીનરી (કન્ટેનર–ડેટા સેન્ટરની માહીતી સ્ટોરેજ) વધુ વજન ધરાવતુ અને મોટી સાઇઝમાં હોવાથી કામકાજ કરતી વખતે કોઇ જાનહાનિ કે બનાવ બનવા ન પામે તે માટે સદરહું જગ્યાનો માર્ગ ટ્રાફિક માટે ડાયવર્ટ કરવામાં આવનાર છે.

આ ટ્રાફિક ડાયવર્ઝન **તા.૨૨/૧૦/૨૦૨૫ ના રાત્રીના કલાક ૦૨.૦૦ થી ૦૪.૦૦ દરમિયાન** કરવામાં આવનાર છે.

સદરહું કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

વાહનોની અવર–જવર માટે પ્રતિબંધિત માર્ગ	**વૈકલ્પિક માર્ગ**
ઇન્કમટેક્ષ ચાર રસ્તાથી બુદ્ધાસિંગ ચાર રસ્તા તરફ જતા ઇન્કમટેક્ષ બ્રીજના છેડા સુધીનો માર્ગ તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ રહેશે.	**૧.** શાહપુર તરફથી આવતા વાહન ચાલકો દિનેશ હોલની ગલી થઇ મેટ્રો રેલ બ્રિજ નીચે થઇ ડાબી બાજુ વળી આશ્રમ રોડ તરફ જઇ શકશે. **૨.** ઉસ્માનપુરા તરફથી આવતા વાહન ચાલકોએ ઇન્કમટેક્ષ ઓવરબ્રિજ થઇ બુદ્ધાસિંગ ચાર રસ્તા તરફ જઇ શકશે.

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા.૨૧/૧૦/૨૦૨૫

'સંયુક્ત પોલીસ કમિશનરશ્રી ટ્રાફિક નાઓના હુકમથી'

21/10

(સંદીપ મોદી)
પોલીસ ઇન્સપેક્ટર
રીડર ટુ સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક,અમદાવાદ શહેર